**ગ્રાન્ટ ઇન એઇડ કોડના નિયમ:૬૪.૩ માં સુધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૫/૧૯૨૪-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૭/૯/૯૬.

**ઠરાવ :-**

બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો/કર્મચારીઓની પસંદગી અને નિમણૂક અંગેના " સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહ" ના નિયમ-૬૪.૩ જોગવાઇમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ફાજલ-જાહેર કરેલ શિક્ષકો/કર્મચારીઓને જે શાળામાંથી છૂટા કરવાના થાય અને અન્ય શાળામાં સમાવવાના થાય ત્યારે છૂટા કરવા-નિમણૂક આપવા અંગેની જોગવાઇ ઉમેરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણા અંતે સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહના નિયમ-૬૪.૩ ની હાલની જોગવાઇના અંતે નીચે મુજબની વધારાની જોગવાઇ ઉમેરવાનું આથી સરકારશ્રી ઠરાવે છે.

" જ્યારે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તરફથી ફાજલ જાહેર કરેલ શિક્ષક/કર્મચારીઓને અન્ય જરૂરીયાતવાળી શાળાને ફાળવવા-સમાવવાના આદેશ કરવામાં આવે ત્યારે જે શાળામાંથી શિક્ષક-કર્મચારી ફાજલ જાહેર થયેલ હોય-તે શાળાના આચાર્ય તેવા કર્મચારીને છૂટા કરી શકે અને જે શાળામાં આવા કર્મચારીઓને સમાવવામાં આવેલ હોય તે શાળાના આચાર્ય ફાજલ-શિક્ષક-કર્મચારીને તેમની શાળામાં હાજર લેવાનો આદેશ કરે"

ઉપર મુજબ ગ્રાંટ ઇન એઇડ કોડનો નિયમ ૬૪.૩ સુધારેલો ગણવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. કે. ભટ્ટ
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.